હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

અમે હમણાં કાંઇ કહી નહી શકીએ. હવામાનની આગાહી કરનાર જ્યોતિષની તબિયત સારી નથી...

વેચાણ આપેલી કાર ડુપ્લીકેટ ચાવીથી ખોલી પરત લઈ જઈને ૧.૮૦ લાખની છેતરપીંડી

કારમાં પડેલા ૨૦ હજાર રોકડા અને એકટિવાની ચાવી પણ ગઠીયાઓ લઈ ગયા : પોલીસમાં ફરિયાદ

ગાંધીનગર, તા.૨

કારમાલિકની જાણ બહાર ચાર ઠગોએ બારોબાર પેથાપુરના યુવકને આઈ-૨૦ કાર વેચાણ આપી દીધી હતી. યુવકે કાર પેટે ૧.૮૦ લાખ રોકડા ચુકવી દીધા હતા. જયારે તે દિવસે રાત્રીના સમયે આઈ-૨૦ કાર ડુપ્લીકેટ ચાવીથી ખોલી ઠગબાજો લઈ ગયા હતા અને મુળ માલિકને પરત કરી દીધી હતી. જો કે આ કારમાં પેથાપુરના યુવકના રોકડા ૨૦ હજાર અને તેના એકટિવાની ચાવી પણ લઈ ગયા હતા. બનાવ અંગે પેથાપુરના યુવકે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધાવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે પેથાપુર સિદ્ધિવિનાયક સોસાયટી ખાતે રહેતાં ૨૪ વર્ષીય વિરાજસિંહ બકોરસિંહ વાઘેલાના ઘરમાં કારની જરૂરિયાત હોવાને પગલે સેકન્ડ હેન્ડ કારની શોધમાં હતો. એપ્રિલ-૨૦૨૨માં યુવકને તેના મિત્રએ આઈ-૨૦ કારના ફોટો વોટ્સએપ કર્યાં હતા. યુવકના મિત્રને ચિલોડા ખાતે રહેતાં સુરેશસિંહ ઝાલાએ ફોટો મોકલ્યા હતા. જેનો સંપર્ક કરતાં સુરેશસિંહે પોતાનો મિત્ર સુરેશ ઠાકોર (કાકુપુરા, દહેગામ) ચ-૦ સર્કલ પર ગાડી બતાવવા આવશે તેવું કહ્યું હતું. ચ-૦ સર્કલ પર મળેલા સુરેશ ઠાકોરે કાર માલિકને ૩.૨૫ લાખમાં કાર વેચવાની હોવાનું જણાવ્યું હતું, જેથી યુવકે સ્થળ પર તેને ૧.૮૦ લાખ આપી બાકીના પૈસા ગાડી ટ્રાન્સફર થયા પછી આપવાની વાત કરી હતી. પૈસા લઈને સુરેશે ગાડીની ચાવી, આરસીબુક સાથે ગાડી આપી દીધી હતી. જેને પગલે યુવક આખો દિવસ નવી લીધેલી ગાડીમાં અમદાવાદ ફર્યો હતો અને રાત્રે ૧૦ વાગ્યે ગાંધીનગર પરત આવ્યો હતો. ઘ-૬ સર્કલ ખાતે લારી પર નાસ્તા કરતાં યુવકને ગાડીનો હોર્ન સંભળાતા તેણે જોયું તો એક શખ્સ ગાડી લઈને પ્રેસ સર્કલ તરફ જતો રહ્યો હતો. આરસી બુકના આધારે યુવકે નાંદોલ સ્થિત મૂળ કાર માલિકનો સંપર્ક કરીને ફોન પર વાત કરી હતી. જેમાં તેઓએ કાર કોઈને વેચવા આપી ન હોવાનું તથા કાર પોતાનો પુત્ર આકાશ ચલાવતો હોવાનું જણાવ્યું હતું. જેને પગલે યુવકના ભાઈએ આકાશનો સંપર્ક કરતાં તેણે સમગ્ર બાબતે ખુલાસો કર્યો હતો. આકાશના મિત્રો મિહિર પટેલ (સાણોદા) તથા સુરેશ ઠાકોરને દહેગામના શલકી ખાતે રહેતાં દિલીપ રબારીને પૈસા આપવાના હતા. જેને પગલે તેણે બંનેને આ પ્લાન કર્યો હતો. જેમાં કોઈની કાર ફરવા લઈ જવાના બહાને લઈ કાર કોઈને ગ્રાહકને વેચી દેવાની તથા ડુપ્લિકેટ ચાવીથી કાર પાછી લાવીને મૂળ માલિકને સોંપી દેવાની. આ જ પ્લાન પ્રમાણે આરોપીઓએ યુવક પાસેથી પૈસા અને કાર બંને લઈ લીધા હતા. વેચાણ આપેલી કાર ક્યાં છે તેની જાણ માટે આરોપીઓએ કારમાં જીપીએસ સિસ્ટમ લગાવી હતી. જેના આધારે ટ્રેક કરીને ડુપ્લીકેટ ચાવીથી કાર પાછી લઈ ગયા હતા. સમગ્ર મુદ્દે વિરાજસિંહે કાવતરુ ઘડીને છેતરપીંડી કરનાર સુરેશસિંહ ઝાલા, સુરેશ ઠાકોર, મિહિર પટેલ અને દિલીપ રબારી સામે ફરિયાદ નોંધાવી હતી.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં શાળાઓનું વેકેશન તેના અંતિમ ચરણમાં છે ત્યારે સ્કૂલ યુનિફોર્મ અને નોટબુકસ પાઠ્યપુસ્તકો તેમજ પ્રવેશ માટે વાલીઓની દોડધામ વધી જવા પામી છે.
- ગાંધીનગર શહેરમાં કેચપીટોની સફાઈની કામગીરી હાથ ધરાઈ છે.
- શહેરના મુખ્ય માર્ગો પર મેટ્રોરેલ અને સેક્ટરોના રિંગરોડના રિસરફેસીંગના કામને લઈ વસાહતીઓની મુશ્કેલી વધી છે.
- કામધેનુ યુનિ.નો નવમો પદવીદાન મારોહ ૫ મી જૂનના રોજ યોજાશે.
- કલોલના કલ્યાણપુરા ગામે ઘર આગળ પાર્ક કરેલ મોટરસાયકલની ઉઠાંતરી થતાં ગ્રામજનોમાં ભયની લાગણી પ્રસરી છે.
- બાયડથી દહેગામ તરફ લઈ આવવામાં આવતો ૮૧ હજારનો વિદેશી દારૂનો જથ્થો રખિયાલ પોલીસે ઝડપી લીધો.
- ઉત્તર ગુજરાતમાં હવામાનમાં પલ્ટો આવ્યો છે.
- બોરીજમાં સ્વચ્છતા અભિયાન અને પ્લાસ્ટીકમુક્ત બનાવવા અંગે જનજાગૃત્તિ યોજતી રેલીનું આયોજન કરાયુ હતુ.
- જયંતિભાઈ પટેલ રણિયાપુરા દ્વારા ૧૬૦૦ જેટલી જરૂરિયાતમંદ બહેનોને વિવિધ સામગ્રીની કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.
- સે. ૧૩ની આંગણવાડીના બાળકોને જલિયાણ ગ્રૂપ દ્વારા ભોજનનું વિતરણ કરાયુ હતું.
- સે. ૩૦ના સર્વોદયનગર તેમજ શહેરમાં સમાવિષ્ટ વાવોલમાં પેયજળના પ્રશ્નોથી વસાહતીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.
- ગાંધીનગર શહેરમાં ઉકળાટ વધતાં નગરજનો આજે તોબા પોકારી ગયા હતા.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઓછુ રહ્યુ હતુ અને કચેરીઓમાં મુલાકાતીઓની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળતો હતો.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા સંપર્ક અભિયાનનો આરંભ થયો છે.
- ગાંધીનગર શહેરમાં સિવિલ હોસ્પિટલના ૧૪ તબીબોની સાગમટે બદલી થતાં ઓપીડીના દર્દીઓ પરેશાન થયા.
- ગાંધીનગર સિવિલમાં હવે સીટીસ્કેન મશીન પણ નવુ વસાવવામાં આવશે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પેયજળના પ્રશ્નો વધ્યા છે.
- સેક્ટર-૧૩ થી વાવોલ વચ્ચે સ્ટ્રીટલાઈટો ઘણા સમયથી બંધ છે.
- ગાંધીનગર જેસીઝના પૂર્વ પ્રમુખ અને દેનાબેંકના પૂર્વ કર્મચારી વિરેન્દ્રસિંહ ઝાલાનું દુઃખદ અવસાન થયુ છે.
- શહેરના જાણીતા કોચ જયરાજસિંહ સરવૈયાના ભાઈ બહાદુરસિંહ સરવૈયાનું અમેરિકા ખાતે દુઃખદ અવસાન થયુ છે.

રાયસણ પીડીપીયુ સાઈટ પરથી ૮૦ મીટર કેબલની ચોરી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર રાયસણ પીડીપીયુ હોસ્ટેલ માર્ગ પર કન્સ્ટ્રકશન સાઈટ પર જનરેટરથી ક્રોકેટ પ્લેવર સુધીનો ૮૦ મીટર કેબલ કિં.૧૨ હજાર તેમજ સાઈટ સપોર્ટના સળીયા ૧૫ કિલો મળી કુલ રૂ. ૧૩,૪૫૦ની કિંમતના મુદ્દામાલની ચોરી થવા પામી છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ અમદાવાદ થલતેજ ખાતે રહેતા મેરૂભાઈ રાતીયા શાંતિ કન્સ્ટ્રકશન નામની સાઈડ ચલાવે છે. હાલમાં તેઓની કંપનીનું કામ પીડીપીયુ કોલેજ રાયસણ પાસે ચાલે છે. ગત તા.૩૦ ના રોજ મેરૂભાઈ રાજકોટ કામઅર્થે ગયા હતા. તે સમયે તેઓની સાઈટ પરથી આશરે સાડા દશ વાગે કંપનીના સુપરવાઈઝર ભરત પટેલે ફોન કર્યો હતો. ગત તા.૧૫ મે ના રોજ સાંજના સાત વાગે કોકેટ મશીન પીડીપીયુ હોસ્ટેલવાળા રોડ પર મુક્યું હતું. જયારે તા.૩૦ મે ના રોજ સવારના દશવાગે જરુર પડતા મશીન લેવા જતા જનરેટર થી કોકેટ પ્લેવર સુધીનો ૮૦ મીટર કેબલ વાયર તેમજ સાઈટ સપોટના લોખંડના સળીયા આશરે ૧૫ કિલો કોઈ ચોર શખ્સ ચોરી કરી લઈ ગયો છે. જેથી ગતરોજ સાઈટ પર આવીને સુપરવાઈઝને મળીને તેમજ સાઈટ પર જોતા ૮૦મીટર કેબલ અને સાઈટ સપોટના લોખંડના સળીયાની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ફતેપુરા ચાર રસ્તાથી મોબાઈલ ચોર ઝડપાયો

ગાંધીનગર,તા.૨

પેથાપુર છનાજી ફાર્મ હાઉસ ઉપર આવેલા ખુલ્લા મકાનમાંથી કોઈ અજાણ્યો શખ્સ રૂ.૧૦ હજારની કિંમતના બે મોબાઈલ ચોરી કરી લઈ ગયો હતો. મોબાઈલ ચોરી અંગે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાતા ગણતરીના સમયમાં પેથાપુર પોલીસે મોબાઈલ ચોરને પકડી પાડી તેની પાસેથી બે મોબાઈલ ફોન પણ કબ્જે કરી ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે મોબાઈલ ચોરને પકડવા માટે કમરકસી રહ્યા હતા. ત્યારે સીસીટીવી ફુટેજ અને હ્યુમન સોર્સથી તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. ત્યારે પોલીસ જવાનોને બાતમી મળી હતી કે મોબાઈલ ચોરી કરનાર શખ્સ ફતેપુરા પાસે ઉભો છે.જેથી પોલીસે સ્થળ પર જઈ ચોરીના બે

મોબાઈલ સાથે ચોરી કરનાર શખ્સ કરણ પૂનમભાઈ સલાટ (ઉં.૧૯ રહે બાયડ સંજીવની હોસ્પિટલ પાછળ)ને પકડીપાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે પેથાપુર પોલીસે ગણતરીના સમયમાં મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલી દીધો છે.

તુ કેમ અહી કલાસીસ કરે છે, તારે કલાસીસ કરવાની જરુર નથી કહી પતિએ હોબાળો મચાવ્યો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૬ વર્લ્ડ ઈન બોકસ એકેડમી નીચે મહિલા જમી રહી હતી. ત્યારે બપોરના સમયે તેણીનો પતિ આવી પહોંચ્યો હતો. તુ કેમ અહી કલાસીસ કરે છે, તારે કલાસીસ કરવાના નથી તેમ કહી ગાળાગાળી કરી જો ફરીથી કલાસીસમાં આવી તો જાનથી મારી નાંખવાની ધમકી આપી જતો રહેતા મહિલાએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ મહેસાણાના વિજાપુર સંગમ મોલની સામે માતા-પિતા સાથે મહિલા રહે છે.

જયારે તેણી સેકટર-૬ ખાતે વર્લ્ડ ઈન બોકસ એકેડમી ખાતે સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરી રહી છે. તેણીના લગ્ન સમાજના રિતરીવાજ મુજબ વર્ષ ૨૦૧૧ માં થયા હતા. પરંતુ પતિ સાથે મનમેળ ન આવતા બે દિકરાઓને લઈને પિયરમાં રહે છે.જયારે વિજાપુર કોર્ટમાં હાલ કેસ ચાલી રહ્યા છે.

ત્યારે આજે બપોરના સમયે મહિલા કલાસીસ નીચે જમી રહી હતી તે સમયે અચાનક તેણીનો પતિ જગદીશ મુળજીભાઈ પરમાર (હાલ રહે ચાંદખેડા, મુળ રહે.પાલસા તા.માણસા)આવી જઈને તુ કેમ અહી કલાસીસ કરે છે. તારે કલાસીસ કરવાના નથી, તેમ કહી મહિલાને જેમ ફાવે તેમ ગાળાગાળી કરી રહ્યો હતો. મહિલાએ ગાળો બોલવાની ના પાડતા ફરીથી કલાસીસમાં આવીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી જતો રહ્યો હતો. જેથી મહિલા ગભરાઈ જતા સેકટર-૭ પોલીસ મથકે તેના પતિ સામે ફરીયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

સચિવાલયમાં પ્રાઈવેટ, સરકારી તમામ કારનું સઘન ચેકીંગ હાથ ધરાયું

ગાંધી.તા.૨

ગાંધીનગર સચિવાલય માં પ્રાઈવેટ, સરકારી તમામ કારનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

ગઈકાલે મોડી સાંજે ગાડીઓમાં શંકાસ્પદ એક્ટિવિટી સીસીટીવી માં કેદ થયા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

તેથી સલામતી શાખા દ્વારા દરેક વાહનો નું સઘન ચેકીંગ કરવાની સૂચના અપાઈ હતી.સરકારી વાહનોનો ઉપયોગ અસામાજિક પ્રવૃત્તિ માટે કરવામાં આવતો હોવાની ચર્ચાઓ વેગવંતી બની છે.

ઓફિસો ની નીચે આવેલ પાર્કિંગ ના બેઝમેન્ટ માં લાલ બત્તી માં કાળા કારનામા થઈ રહ્યા છે ત્યારે અચાનક સચિવાલય માં તમામ વાહનો નું ચેકીંગ હાથ ધરવામાં આવતા ચર્ચા નો વિષય બન્યો હતો.

કામધેનુ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ પાંચમી જુને ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૨

રાજ્ય સરકાર સંચાલિત કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા નવમો પદવીદાન સમારંભ તા. ૫-૬-૨૦૨૩ના રોજ સવારે ૧૧ કલાકે, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે યોજવામાં આવનાર છે. આ સમારંભમાં અધ્યક્ષસ્થાને આચાર્ય દેવવ્રતજી, રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય અને કુલાધિપતિ તથા મુખ્ય મહેમાન પદે પરશોત્તમ રૂપાલા, મંત્રીશ્રી, મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી ભારત સરકાર અને અતિથિ વિશેષ તરીકે રાઘવજીભાઈ પટેલ, મંત્રીશ્રી, કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, ગુજરાત સરકાર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન, આશીર્વચન તેમજ દીક્ષાંત પ્રવચન આપનાર છે.

સદર પદવીદાન સમારંભમાં કામધેનુ યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના ૪૯૯ વિદ્યાર્થીઓ, અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના ૧૪૫ વિદ્યાર્થીઓને અને પીએચ.ડી.ના અભ્યાસક્રમોના ૨૬ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે તેમજ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને કુલ ૧૨૧ મેડલો અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને કુલ ૩૪ મેડલો આપવામાં આવનાર છે. આ ઉપરાંત ૧૪ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર પણ આપવામાં આવનાર છે.

આ સમગ્ર કાર્યક્રમને અસરકારક અને સફળતાપૂર્વક પાર પાડવા માટે કામધેનુ યુનિવર્સિટીની સંપૂર્ણ ટીમ કુલપતિ ડૉ. એન.એચ. કેલાવાલાની આગેવાની હેઠળ વિવિધ કામગીરી કરી રહેલ છે.

કેન્દ્રીય કેબિનેટ પ્રધાન ગીરીરાજ સિંહજીનુ આજરોજ બ્રહ્મ સમાજના અગ્રણી ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી એડવોકેટે પરશુ આપી સન્માન કર્યુ હતુ. અને હિન્દુત્વ તથા સનાતન ધર્મ અંગે ચર્ચા કરી હતી.

સે-૨ એ માં બંધ મકાનમાંથી રૂ.૬.૬૬ લાખની ચોરી

ડોકટર પરિવાર કાશ્મીર ફરવા ગયો અને તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૨ એ માં બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવી ચોરીને અંજામ આપ્યો છે.

ડોકટર પરિવાર કાશ્મીર ફરવા ગયો હતો. તે સમયે મકાનની બારીનો સળીયો કાપી અંદર પ્રવેશ કરી ગોદરેજની લોકર તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડા મળી કુલ રૂ.૬.૬૬ લાખની ચોરી થવા પામી છે. સેકટર-૨ એ માંથી ચોરી થતા સ્થાનિક વસાહતીઓમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો છે. મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ પ્લોટ નં. ૯૧-૧ ખાતે ડો.વિમલ પટેલ છેલ્લા બાર વર્ષથી નારણપુરા ખાતે શાંતિ પેથોલોજી લેબોરેટરીમાં કન્સલ્ટીંગ ડોકટર તરીકે નોકરી કરે છે.

ડો.વિમલ પટેલ પરિવાર સાથે કાશ્મીર જવા માટે ગત તા.૩૧ મે ના રોજ બપોરે એક વાગે રવાના થયા હતા. ત્યારે ડો.વિમલ પટેલના ઘરે કામ કરતા લસીબહેન બીજા દિવસે સાડા ચાર વાગે જતા તેઓએ ફોન કરીને ચોરીની જાણ ડોકટરને કરી હતી.

તેઓએ તમારા મકાનનો દરવાજો ખુલ્લો છે. અને બેઠકરૂમની બારીનો સળીયો કોઈએ કાંપી નાંખ્યો છે. બનાવની જાણ થતા ડો.વિમલ પટેલે તેમના મિત્ર હાંસિલભાઈ શાહ આવી પહોંચીને જોયુ તો ઘરનો દરવાજો ખુલ્લો હતો. બેઠકરૂમના સોફા પર ગોદરેજની તિજોરી પડી હતી. જેનો દરવાજો કાંપી નાંખ્યો હતો.જયારે બેડરૂમમાં સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો.

જયારે વિડીયો કોલ દ્વારા ડો.વિપુલ પટેલને જાણ કરતા તેઓએ સોનાની ચેઈન નંગ-૨ કુલ વજન ચાર તોલા કિં.૨.૨૪ લાખ, દોઢ તોલાનું સોનાનું મંગળસુત્ર નંગ-૧ કિ.૮૪ હજાર, કાનની સોનાની બુટ્ટી નંગ-૧૨ કુલ વજન-૩ તોલા કિં.૧.૬૮ લાખ એક તોલાનું સોનાનું પેન્ડલ સેટ નંગ-૧ કિ.૫૬ હજાર, તેમજ સોનાની વીટીં નંગ-૨ વજન ૧.૫ તોલા કિં.૮૪ હજાર તેમજ રોકડા રૂ.૫૦ મળી કુલ રૂ.૬.૬૬ લાખની મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચરાડા ગામ ખાતે જનસુરક્ષા અભિયાન અંતર્ગત સામાજિક સુરક્ષા કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૦૨

ચરાડા ગામની BOB,SBI અને MDCC બેંક શાખાના સંયુક્ત ઉપક્રમે માણસા તાલુકાના ચરાડા ગામમાં કે.જી.હાઈસ્કૂલ ખાતે જનસુરક્ષા અભિયાન અંતર્ગત સામાજિક સુરક્ષા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડિપાર્ટમેંન્ટ ઓફ ફાઈનાન્શ્યલ સર્વિસીસના ડિરેક્ટર શ્રી હિતેશ

શેઠ દ્વારા પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તથા પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ગ્રામજનોને આ યોજનાનો લાભ કેવી રીતે લઈ શકાય, કેમ લેવો જોઈએ તે વિશે દષ્ટાંતપૂર્વક વાત કરીને ગ્રામજનોને આ યોજનામાં જોડાવા ભારપૂર્વક જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં SLBC સ્ટેટ કન્વીનર શ્રી મહેશ બંસલ અને શ્રી બલદેવ પટેલ, એસ. બી. આઈ. ના સ્થાનિક મુખ્ય કાર્યાલય, અમદાવાદના ડીજીએમ એફઆઈ શ્રીમતી રાજશ્રી દેશપાંડે , લીડ બેંક મેનેજર, ગાંધીનગર શ્રી આદેશ જુનેજા, BOB RSETI ડિરેક્ટર શ્રી જીગ્નેશ પરમાર ,નાણાકીય પરામર્શક શ્રી રમેશભાઈ પરમાર, BOB,SBI,MDCC બેંકના શાખા પ્રબંધકો અને ચરાડા ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જીપીઆરડી સેલ, જીયુવીએનએલ દ્વારા ,

આઈઆઈટી ગાંધીનગર ખાતે "ઈન સર્ચ ઓફ ક્રીએટીવ માઈન્ડ યોજાઈ

ગાંધીનગર, તા. ૦૨

ગુજરાત પાવર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (જીપીઆરડી) સેલ દ્વારા,આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે, તા. ૩૦-૦૫-૨૦૨૩ના રોજ તેના ઉર્જા ક્ષેત્રે સંશોધનાત્મક કાર્યો સંબધીત એક વર્કશોપનુ આયોજન કરવામાં આવેલ હતુ. ગુજરાત પાવર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલની સ્થાપના પાછળનો ઉદ્દેશ્ય પ્રોડક્ટ્સ અને સિસ્ટમ્સના નવિનીકરણ સાથે વિકાસ કરીને રાજ્યના અને સરવાળે રાષ્ટ્રના વિકાસના એન્જિનને વેગ આપવાનો છે. આ મુખ્ય હેતુ ને ધ્યાન માં રાખીને, સેલ દ્વારા "ઈન સર્ચ ઓફ ક્રીએટીવ માઈંડ" વિષય પર એક વર્કશોપનુ આયોજન કરવામાં આવેલ હતુ. આ વર્કશોપમાં, જીયુવીએનએલ હેઠળ ની ડિસ્કોમ્સ ના લાઈન સ્ટાફ અને આધિકારશ્રીઓ , જેટકો,જીસેક કૂંપનીસ, ઈપીશ્ડી વિભાગ, જીયુ વીએનએલ ના અધિકાર ગણ વગેરે થઈ ને આશરે ૨૫૦ હાજર રહેલા હતા. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી., વડોદરાના મેનેજીંગ ડીરેક્ટર માનનીયશ્રી જયપ્રકાશ શિવહરે, IAS ના અધ્યક્ષતા મા હાજર મહાનુભાવો એ દીપ પ્રાગટ્ય ને રાષ્ટ્ર ગાન કરી ને કાર્યક્રમ ને ખુલ્લો મૂકવા માં આવ્યો હત્તો. વર્કશોપ ની રૂપરેખા પ્રમાણે, જીપીઆરડી દ્વારા ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) તેમજ GETRI સાથે લાંબા ગાળા ના એમઓયુ કરવામાં આવ્યા. માનીનીય ડૉ. પંકજરાય પટેલ, વાઈસ ચાન્સેલર, જીટીયુ અને માનનીય શ્રી એચ. પી. કોઠારી, ડાઈરેક્ટર (ટેક્નિકલ), જીયુવી એનએલ દ્વારા એમઓયુ એક્સ્ચેંજ કરવામાં આવ્યા, આ એમઓયુ થી ભવિષ્ય માં જીટીયુ ના વિધ્યાર્થીઓ માટે ઉર્જા ક્ષેત્રે સંશોધન ના દ્વારા ખોલશે.. આ ઉપરાંત, માનનીય, મિસ. અલ્કા યાદવ, ડાઈરેક્ટર ઇઈ અને માનનીય શ્રી એચ. પી. કોઠારી, ડાઈરેક્ટર (ટેક્નિકલ), જીયુવી એનએલ દ્વારા પણ એમઓયુ એક્સ્ચેંજ કરવામાં આવ્યા. આ પ્રસંગે, જીપીઆરડી, જીયુવી એનએલ ને જે ઉર્જા ક્ષેત્રે સંશોધન હાથ ધરવા બદલ, પેટંટ વિભાગ, ભારત સરકાર દ્વારા ત્રણ પેટંટ એનાયત કરવામાંઆવી છેઅનેઆ સંશોધન માં પોતાનો અમુલ્ય ફાળો આપવા બદલ, શ્રી આર.બી.પટેલ, રિટાયર્ડ એસીઈ, યુજીવીસીએલ અને ભુતપૂર્વ જીપીઆરડી હેડ શ્રી આર.બી.પટેલ, જીપીઆરડી ના શ્રી જતિન ઉપાધ્યાય, શ્રી. જે.એચ. બોરીસાગર, તેમજ શ્રી એસ.પી.રાઠોડ નું ગુજરાત ઉર્જાવિકાસ નિગમ લી દ્વારા બહુમાન કરવામાં આવેલુ હતુ.

કરાઈ મહાકાળી માતાજીના મંદિર પરિસરમાંથી મિકચર મશીનની ચોરી

ગાંધીનગર,તા.૨

ગાંધીનગરના કરાઈ ગામના મહાકાળી મંદિરના ચોકમાં પ્રવેશ કરી રૂ.૧૫ હજારની કિંમતનું મિકચર મશીન ચોરી થઈ જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરના કરાઈ ઠાકોરવાસ ખાતે રહેતા વિપુલ રણજીતસિંહ ગોહિલ પરિવાર સાથે રહે છે અને કરાઈ પોલીસ એકેડમીમાં એમ.ટી.માં આઉટ સોર્સથી ફરજ બજાવે છે. નદી કિનારે માતાજીનું મંદિર બનાવ્યું હોવાથી સેવા પુજાનું કામ વિપુલ તેમજ તેના પિતાજી કરે છે. ગત તા.૨૬ મે ના રોજ વિપુલ ગોહિલના પિતા સવારના સાત વાગે માતાજીની સેવા પુજા કરવા માટે ગયા હતા. જયારે સાંજના સમયે વિપુલ પુજા કરવા માટે મંદિરે ગયો હતો.તે સમયે મંદિરનો દરવાજો ખોલી અંદર જોતા સાઉન્ડ સિસ્ટમમાં લગાડેલ મિકચર મશીન ન હતું. મંદિર નજીકના વિસ્તારમાં તપાસ કરવા છતા મળી આવ્યું ન હતું. ફરીયાદીએ તેના પિતાજી તેમજ અન્ય નાગરીકોને કરી હતી તેમ છતા મિકચર મશીન ન મળતા ફરીયાદીએ રૂ.૧૫ હજારની કિંમતના મશીન ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.